# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૬/૧/૨૦૧૮

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી જનરલ )

---

# ચેમ્બરના 'સીટેક્ષ– ૨૦૧૯' પ્રદર્શનને જબરજસ્ત પ્રતિસાદ
# ૨૨ હજારથી વધુ બાયર્સે મુલાકાત લીધી

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર અને ઉદ્યોગ કમિશનરશ્રી, ગુજરાત સરકારના સંયુકત ઉપક્રમે યોજાયેલા 'સીટેક્ષ ૨૦૧૯' પ્રદર્શનને જબરજસ્ત પ્રતિસાદ મળ્યો હતો. ત્રિદિવસીય આ પ્રદર્શનમાં ૨૨ હજારથી પણ વધુ બાયર્સે મુલાકાત લીધી હતી. મોટાભાગના એકઝીબીટર્સે તો અત્યારથી જ આગામી ઉદ્યોગ અને સીટેક્ષ પ્રદર્શનમાં બુકીંગ માટે તૈયારી બતાવી હતી.

ચેમ્બર દ્વારા સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે તા. ૪ થી ૬ જાન્યુઆરી ૨૦૧૯ દરમિયાન સુરત ઇન્ટરનેશનલ ટેક્ષ્ટાઇલ એક્સ્પો 'સીટેક્ષ ૨૦૧૯'નું આયોજન કરવામાં આવ્યુ હતુ. ચેમ્બરની બ્રાન્ડ ગણાતા સીટેક્ષ શ્રેણીના આ પ્રદર્શનમાં પહેલા દિવસથી જ બાયર્સનો ધસારો જોવા મળ્યો હતો. પહેલા દિવસે જ પાંચ હજારથી વધુ બાયર્સે એકઝીબીશનની મુલાકાત લીધી હતી. બીજા દિવસે સાત હજારથી વધુ બાયર્સે સીટેક્ષની વિઝીટ કરી હતી. જયારે અંતિમ અને ત્રીજા દિવસે દસ હજારથી પણ વધુ બાયર્સે આ પ્રદર્શનની મુલાકાત લેતા ચેમ્બરના પ્રદર્શનને જબરજસ્ત પ્રતિસાદ સાંપડયો હતો. ત્રણ દિવસ દરમિયાન ૨૨ હજારથી પણ વધુ બાયર્સે સીટેક્ષની મુલાકાત લેતા એકઝીબીટર્સને પણ સારો બિઝનેસ મળ્યો છે.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ જણાવ્યુ હતુ કે, છેલ્લા કેટલાક સમયથી મંદીનો માર સહન કરતી અને મુશ્કેલીમાંથી પસાર થતી ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને સીટેક્ષ પ્રદર્શનને કારણે પ્રાણવાયુ મળશે. પ્રદર્શનમાં મુકાયેલી લેટેસ્ટ મશીનરીને કારણે હવે ઉદ્યોગપતિઓ અને વેપારીઓ પણ પોતાના ધંધાના વ્યાપ માટે લેટેસ્ટ ટેકનોલોજીવાળી મશીનરીનો ઉપયોગ કરશે. આથી સમગ્ર ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને વિકાસની દિશામાં ગતિ મળી રહેશે.

ઉલ્લેખનીય છે કે, સમગ્ર ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી માટે યોજાયેલા આ એકઝીબીશનમાં ટેક્ષ્ટાઇલના તમામ સેકટર્સને આવરી લેવામાં આવ્યા હતા. ટેક્ષ્ટાઇલ સંબંધીત દરેક પ્રકારની લેટેસ્ટ મશીનરી અને એન્સીલરીને એકઝીબીશનમાં પ્રદર્શિત કરવામાં આવી હતી. છેલ્લાં ૪૦ વર્ષમાં પ્રથમ વખત એવુ બન્યુ હતુ કે વિશ્વમાં અગ્રણી ગણાતી ચાઇનાની છએ છ મશીનરી મેન્યુફેકચરીંગ કંપનીઓએ સુરતના આ સીટેક્ષ પ્રદર્શનમાં એકસાથે ભાગ લીધો હતો અને પોતાના દસ – દસ મશીનો પ્રદર્શનમાં મુકયા હતા.